ક્રમાંક. ક – ૩/પરચ/૨૦૨૬/૧૬૦૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા.
તા.૧૩/ ૦૭ /૨૦૨૬

પ્રતિ,
સરકારી અને બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,
આચાર્યશ્રી,
વડોદરા.

વિષય:-વર્ષ ૨૦૨૬-૨૭ની વૉર કન્સેશન યોજના અન્વયે માહિતી મોકલી આપવા બાબત.
સંદર્ભ ૧:-શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક :મશબ/૨૦૯૦/૧૨૮/૧૦૬૬/છ, તા-.૦૭/૦૯/૧૯૯૯
સંદર્ભ ૨:-કમિશનર શાળાઓની કચેરીના પત્ર અન્વયે

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભ દર્શિત ઠરાવથી વૉર કન્સેશન (યુધ્ધ રાહત) યોજના હેઠળ યુધ્ધમાં શહીદ અથવા ધવાયેલ સૈનિકો તથા માજી સૈનિકોના બાળકોને શિક્ષણ ફી માફી તથા સ્કોલરશીપ જેવી શૈક્ષણિક સવલતો આપવા માટે શિષ્યવૃતિ લાભ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૬-૨૭ માટે વૉર કન્સેશન યોજના હેઠળ આપના જિલ્લાની સરકારી તથા બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓને શિષ્યવૃતિ લાભ આપવા માટેની ગ્રાન્ટ માંગણી મોકલી આપશો. જે મુજબની બાબતો ધ્યાને લેશો.

1. સરકારી અને બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં યુધ્ધમાં શહીદ થયેલા, ધવાયેલા તથા માજી સૈનિકોના સંતાન-વિધ્યાર્થીઓને લાગુ પડે છે.
2. કોઈ વાર્ષિક આવકમર્યાદા ધ્યાને લેવામાં આવતી નથી.
3. યોજના હેઠળ વિધ્યાર્થીને શિક્ષણ ફી, ગણવેશ, શૈક્ષણીક સાધનો, હોસ્ટેલ ખર્ચ વિગેરે લાભ આપવામાં આવે છે.

ઉક્ત વિગતો ધ્યાને લઈ નીચે મુજબના નિયત પત્રકમાં ભરી દિન-૫ માં પચુરણ શાખામાં મોકલી આપવાની રહેશે.

**વર્ષ ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે વૉર કન્સેશન યોજના હેઠળ ગ્રાન્ટ માંગણી પત્રક**

| ક્રમ | શાળાનું નામ અને સરનામું (સરકારી/ગ્રાન્ટેડ | વિધ્યાર્થીનું નામ | ધોરણ | જરૂરી ગ્રાંટની રકમ | માંગેલ ગ્રાંટની વિગતવાર માહિતી |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા